**1.78 કરોડની કારણદર્શક નોટિસ સામે તો આપી પરંતુ સ્થળ પર ચકાસણી શા માટે નહીં થઈ?**

# ચોવીસી માટીખનનમાં અનેક પ્રશ્નો

**કલેક્ટરને** ફરિયાદ બાદ 62,423.455 મેટ્રિક ટન રેતી-માટીખનનનો ખુલાસો થયો

**જવાબદાર** ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ અત્યાર સુધી શું કરતા હતા?



નવસારીઃ ચોવીસી ખનન પ્રકરણમાં ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા દ્વારા જારી કરાયેલી રૂ. 1.78 કરોડની કારણદર્શક નોટિસે સમગ્ર મામલાને નવા વળાંક પર પહોંચાડી દીધો છે. વિભાગના પ્રાથમિક તારણો મુજબ પરમિટ વિસ્તારની બહારથી 62,423.455 મેટ્રિક ટન સાદી રેતી અને સાદી માટીનું કથિત ખનન થયાનું સામે આવ્યું છે. જેના આધારે ભાગીદારો સંજયભાઈ કરશનભાઈ ઓડ અને વરૂણભાઈ મુકેશભાઈ ઓડને નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે. જોકે હવે ચર્ચાનો વિષય માત્ર કથિત ખનન નહીં, પરંતુ સમગ્ર દેખરેખ તંત્રની ભૂમિકા બની ગયો છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે જો જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાણી સમક્ષ ફરિયાદ થયા બાદ થોડા જ સમયમાં આટલી મોટી કથિત ગેરરીતિ બહાર આવી શકે છે, તો પછી જવાબદારી ધરાવતા ખાણ-ખનિજ વિભાગને અગાઉ તેની જાણ કેમ ન થઈ? વિભાગના જ દાવા મુજબ 62,423.455 મેટ્રિક ટનથી વધુ ખનિજનું કથિત ખનન થયું હોય તો તે કોઈ એકાદ દિવસની પ્રવૃત્તિ હોઈ શકે નહીં. ભારે મશીનરી, ડમ્પરોની સતત અવરજવર અને લાંબા સમય સુધી ચાલતી કામગીરી વિના આટલો જથ્થો બહાર કાઢવો શક્ય નથી.

અહીં સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે જો આટલી મોટી પ્રવૃત્તિ ચાલી રહી હતી તો નિયમિત સ્થળ તપાસ, ફિલ્ડ મોનીટરીંગ અને દેખરેખની જવાબદારી સંભાળતા અધિકારીઓ શું કરી રહ્યા હતા? શું તંત્રની નજર માત્ર કાગળો સુધી મર્યાદિત રહી ગઈ હતી કે પછી ફરિયાદ ન થાય ત્યાં સુધી કોઈને કંઈ દેખાતું જ નહોતું? ચોવીસીની ધરતીમાંથી 62,423.455 મેટ્રિક ટન ખનિજ બહાર નીકળ્યાનો દાવો થઈ રહ્યો છે, પરંતુ સ્થાનિકો પૂછે છે કે આ સમગ્ર સમયગાળા દરમિયાન જવાબદારી ક્યાં દટાઈ ગઈ હતી?

સૌથી નોંધપાત્ર બાબત એ છે કે જિલ્લા કલેક્ટર સમક્ષ ફરિયાદ થયા બાદ જ સમગ્ર મામલો ગંભીરતાથી લેવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેના કારણે લોકોમાં એવી લાગણી પણ જોવા મળી રહી છે કે જો ફરિયાદ ન થઈ હોત તો શું આ કથિત ગેરરીતિ ક્યારેય બહાર આવી હોત? આ સવાલ હવે જાહેર ચર્ચાનો વિષય બન્યો છે.

હાલ નોટિસ માત્ર પ્રાથમિક તારણોના આધારે જારી કરવામાં આવી છે અને સંબંધિત પક્ષોનો જવાબ આવવાનો બાકી છે. છતાં એક વાત સ્પષ્ટ છે કે ચોવીસી ખનનકાંડ હવે માત્ર કથિત ગેરકાયદે ખનનનો કેસ નથી રહ્યો. તે ખાણ-ખનિજ વિભાગની કાર્યપદ્ધતિ, દેખરેખ વ્યવસ્થા અને જવાબદારી સામે ઊભા થયેલા ગંભીર પ્રશ્નોનું પ્રતીક બની ગયો છે. હવે સૌની નજર માત્ર ખનનકારોના જવાબ પર નથી, પરંતુ એ પર પણ છે કે શું તપાસનો ઘેરાવો જવાબદાર અધિકારીઓ સુધી પહોંચશે કે પછી આખો મામલો માત્ર નોટિસો પૂરતો જ સીમિત રહી જશે.

# જલાલપોરમાં GEBએ ખોદેલા ખાડામાં આખલો પડ્યો

**ખાડાની** આસપાસ બેરિકેડિંગ નથી, અંધારામાં કોઇ માણસ પડે તો શું થશે?



નવસારીઃ જલાલપોરના માધવ માર્કેટ નજીક GEBએ રસ્તા ખોદેલો ઊંડો ખાડો કોઈપણ પ્રકારની બેરિકેડિંગ, કોર્ડન કે ચેતવણી વિના ખુલ્લો મૂકી દેવામાં આવતા એક આખલો તેમાં ખાબકી ગયો હતો. સદનસીબે સ્થાનિક ડેરી સંચાલક રાજુભાઇ ભરવાડની સમયસરની સતર્કતાને કારણે એક જીવ બચી ગયો, પરંતુ ઘટનાએ તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ખોદકામ બાદ ખાડાની આસપાસ સુરક્ષાની કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નહોતી. રાત્રિના અંધકારમાં આ ખાડો જાણે અકસ્માતને આમંત્રણ આપી રહ્યો હતો. આખરે તેનો ભોગ એક નિર્દોષ પશુ બન્યો. વહેલી સવારે આશરે 6:30 વાગ્યે ખાડામાંથી આવતા અવાજ સાંભળી રાજુભાઇ ભરવાડ સ્થળે દોડી ગયા હતા. ત્યાં આખલો ઊંડા ખાડામાં ફસાયેલો હોવાનું જણાતા તેમણે ભારે જહેમત અને જોખમ વચ્ચે તેને બહાર કાઢ્યો હતો. ઘટના બાદ સ્થાનિકોમાં એક જ ચર્ચા છે– જો આ ખાડામાં કોઈ બાળક, વૃદ્ધ, રાહદારી કે બાઇકચાલક પડ્યો હોત તો શું થાત? શું જવાબદાર વિભાગ કોઈ દુર્ઘટના કે જાનહાનિની રાહ જોઈ રહ્યો હતો? જાહેર માર્ગો પર ખોદકામ બાદ સુરક્ષાના નિયમોને નેવે મૂકી દેવાની આ ઘટના માત્ર બેદરકારી નહીં પરંતુ લોકોના જીવ સાથે કરવામાં આવતું જોખમી પ્રયોગ હોવાનું સ્થાનિકો માની રહ્યા છે.

# કોરોનામાં બંધ થયેલી 4 ટ્રેન ફરી શરૂ જ નહીં કરાઇ

**અપ** ડાઉન કરતા હજારો નોકરિયાતોને પારાવાર મુશ્કેલી

**નવી** ટ્રેન કે સ્ટોપેજ નથી જોઇતાં, જે 50 વર્ષથી ચાલતી હતી તે કેમ બંધ કરી દેવાઈ: મુસાફરો

**લાખો** રૂપિયાની આવક રળી આપતા બીલીમોરા રેલવે સ્ટેશનની વર્ષોથી થતી ઉપેક્ષા



કેરસી બારીયા

**સાઉથ ગુજરાત પેસેન્જર એસોસિએશન ટ્રેન ફરી ચાલુ કરાવવા જહેમત કરી રહ્યું છે**

સાઉથ ગુજરાત પેસેન્જર એસોસિએશનના દીપક મહેતા, અક્ષર પટેલ, જોનીસ ગાંધી, રાકેશ લાડ અને પૂર્વેશભાઈએ બંધ થયેલી ચાર ટ્રેનો જે ૫૦ વર્ષથી ચાલતી આવતી હતી કોરોના પછી બંધ કરાઇ તેને ફરી તેના જૂના ટાઈમ ટેબલ પ્રમાણે જ ચાલુ કરાવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. રાજકારણીઓ, ધારાસભ્ય, સાંસદો, પ્રદેશ અધ્યક્ષો અને રેલવેના સ્થાનિક અને ઉચ્ચ અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ પરિણામ મળતું નથી. બંધ થયેલી ટ્રેનો ફરી ચાલું કરાઇ તો વલસાડ, ચીખલી, વાંસદા, સાપુતારા, બીલીમોરા, ગણદેવી, અમલસાડ અને નવસારીથી હજારોની સંખ્યામાં મુસાફરી કરતાં લોકોને ઇકોકારના ખાનગી ભાડામાંથી મુક્તિ મળે તેમ છે.

**મતો મેળવીને રાજકારણીઓ પ્રજાને ભૂલી જાય છે**

ચૂંટણી પહેલા હાથ જોડીને લોકો વચ્ચે જતા નેતાઓ ચૂંટણી પત્યા પછી જાણે કોઈ લેવાદેવા જ ન હોય તેવું વર્તન નેતાઓનું છે. પોતાના જ લોકોના ખોબે ખોબા મતોથી જીતીને જે મોભાનું સ્થાન ધરાવતા નેતાઓ પોતાના લોકોને પડતી તકલીફનો અંત લાવે એવી લાગણી સાથે લોકોની માંગણી છે.

બીલીમોરા : કોરોનાકાળથી બંધ કરાયેલી ચાર ટ્રેનો હજુ ચાલુ નહીં કરાતા બીલીમોરા રેલવે દ્વારા અપ ડાઉન કરતા હજારો નોકરિયાતો સાથે મુસાફરોને પારાવાર મુશ્કેલી પડી રહી છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ હકીકતથી વાકેફ હોવા છતાં પોતે મૂક પ્રેક્ષક બની પ્રજાને પીસાવા માટે છડી દેવાઈ છે.

લાખો રૂપિયાની આવક રળી આપતું બીલીમોરા રેલવે સ્ટેશનની વર્ષોથી થતી ઉપેક્ષા કોઈ નવાઈની વાત નથી. હદ તો ત્યારે થઈ જ્યારે કે કોરોનાનો હવાલો આપી બંધ કરી દેવાયેલી પાંચ છ વર્ષ વીતી જવા છતાં હજી પણ ચાલુ થઈ નથી. આ કારણે લાખો મુસાફરો નોકરિયાત વર્ગને આર્થિક બોજ વેઠવો પડે છે. ટ્રેનની મુસાફરી સુરક્ષિત માનવામા આવે છે, સસ્તી સગવડ ભરેલી અને સમય બચાવતી આ સગવડ બીલીમોરાના લોકો પાસેથી રેલવે એ છેલ્લા પાંચ છ વર્ષથી છીનવી લીધી છે. છેલ્લા ૫૦ વર્ષથી અવિરત ચાલતી આ બધી ટ્રેનો કોરોના દરમિયાન બંધ કરી દેવાઈ હતી એ સમજી શકાય, પણ ત્યાર પછી કયા કારણસર ટ્રેન ચાલુ કરવામાં આવી નથી. નથી તે સમજાતું નથી.

ગરીબ મધ્યમ વર્ગ નોકરીયાતો અને નાના-મોટા ધંધાર્થીઓ મહિલાઓ અને વૃદ્ધો માટે રેલવે એક ઉત્તમ સાધન છે, જે હાલ ચાર ટ્રેનો બંધ હોવાથી બીલીમોરા અને આજુબાજુના ગામડાઓના લોકો છેલ્લા ઘણા વર્ષોથી પારાવાર તકલીફ ભોગવી રહ્યા છે. એક જાણકારી મુજબ

**આ ટ્રેનો બંધ કરી દેવામાં આવી છે**

» ફિરોજપુર જનતા એક્સપ્રેસ » અમદાવાદ મુંબઈ પેસેન્જર » વિરાર સુરત મેમુ » સુરત વલસાડ મેમુ

અમદાવાદ મુંબઈ પેસેન્જર ટ્રેન રાત્રે ૯ કલાકે સુરત આવી ફરી ઉપડતી હતી જેને બંધ કરી દેવાઇ છે જે હજુ સુધી ચાલુ થઈ નથી.

# કરવડમાં ભંગારનાં બે ગોડાઉનમાં ભીષણ આગ

**કલાકોની** જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો

વાપીઃ વાપી નજીકના કરવડ ગામમાં આવેલાં બે ભંગારનાં ગોડાઉનમાં અચાનક ભીષણ આગ લાગતાં વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડતા હતા. આગની જાણ થતાં આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી અને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની માહિતી મળતા જ વાપી જીઆઈડીસી નોટિફાઈડ એરિયા, વાપી મહાનગરપાલિકા તેમજ ખાનગી કંપની રાધા-માધવની ફાયર ફાઈટરોની ટીમો બનાવ સ્થળે દોડી આવી હતી. સાથે જ પોલીસના કાફલાએ પણ સ્થળ પર પહોંચી સ્થિતિને કાબૂમાં લેવા માટે કામગીરી આદરી હતી.

ગોડાઉનમાં મોટી માત્રામાં ભંગારનો જથ્થો સંગ્રહિત હોવાથી આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને આગની જ્વાળાઓ દૂરથી પણ દેખાઈ રહી હતી.

ફાયર ફાઈટરો દ્વારા સાવચેતીપૂર્વક પાણીનો સતત મારો ચલાવવામાં આવ્યો હતો. ભારે જહેમત અને સુનિયોજિત કામગીરીના પરિણામે અંદાજે ત્રણથી ચાર કલાકની કવાયત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાગ્રસ્ત થવાનો બનાવ બન્યો નહોતો. આગ કયાં કારણોસર લાગી હતી તે અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે.

## મોગરાવાડીમાં જુગાર રમતા 4 ઈસમ ઝડપાયા

વાપી, વલસાડ : વલસાડ ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમી આધારે, મોગરાવાડી, શ્વેતા પાર્ક, મોટા તળાવ, ખુલ્લા મેદાનમાં જુગાર રમનારાઓ ઉપર રેડ પાડી 4 ઈસમોને ઝડપી પાડયા હતાં. તમામના નામઠામ પૂછતા (1) અશ્વિન નરોત્તમ પટેલ (ઉં.33) (2) દિવ્યેશ મુકેશ પટેલ (ઉં.30) (3) રીતેશ સત્યનારાયણ ખટીક (ઉં.38) અને (4) પ્રજ્ઞેશ પ્રવિણ પટેલ (ઉં.38, તમામ રહે. મોગરાવાડી) હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે દાવ તથા અંગઝડતી કરી રોકડા 16,690/- તથા મોબાઈલ ફોન મળી કુલ રૂ.26690/-નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# વાપીમાં નકલી પંઢરપુરી તમાકુ વેચાય છે

**બે** ભાઈ સહિત અમદાવાદના ઈસમ સામે ગુનો નોંધાયો

**વાપી** જીઆઇડીસીમાં જ પેકેજિંગ કરાતું હતું

વાપી : વાપી ટાઉનમાં તમાકુના હોલસેલ વેપારી છે. તેઓના ટ્રેડમાર્કવાળા તમાકુના વેચાણનો જથ્થો લઈને સેલ્સમેન ડુંગરામાં ગયો હતો અને ત્યારબાદ તેની જાણ વાપીના વેપારીને થઈ હતી અને તેના દ્વારા તપાસ કરતા સેલ્સમેન પાસેથી સઘળી હકીકત મળી હતી અને આ બનાવ અંગેની જાણ વાપી ઉદ્યોગનગર પોલીસને કરી હતી. જે બાદ પોલીસ ટીમે રેઈડ કરી નકલી તમાકુ બનાવનારા રાજસ્થાની બે ભાઈઓ અને મશીનરી આપનારા અમદાવાદના ઈસમ સામે ટ્રેડમાર્કસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

વાપી ટાઉન, જલારામ સોસાયટીમાં શિવાંગ કિરીટકુમાર પટેલ (ઉં.30) રહે છે અને તેઓ મહેન્દ્રકુમાર અંબાલાલ પટેલ, મહેન્દ્ર પંઢરપુરી તમાકુના હોલસેલ વેપારી છે. ગત તા.15-5-26 ના રોજ વાપી ડુંગરામાં જનરલ સ્ટોર ચલાવનારા આશિષે શિવાંગના ભાઈ કિશન પટેલને જણાવેલ કે, એક સેલ્સમેન સસ્તા ભાવે ટ્રેડમાર્ક થયેલ તમાકુના પાકીટો વેચાણ કરવા આવેલ છે. જે બાદ તે તમાકુના પાકીટો નમુના વેચાણે લેવા જણાવ્યું હતું અને સેલ્સમેનની હકીકત મેળવવાનું જણાવ્યું હતું. જે બાદ તમાકુના નમુનાઓ જોતા જાણવા મળ્યું કે, કોઈ ઈસમ તેઓના ટ્રેડમાર્ક થયેલ ચિન્હ હેઠળ પરવાનગી વગરના તમાકુના પાકીટો બનાવી વેચાણ કરી રહ્યો છે. ત્યારબાદ તપાસ કરતા સેલ્સમેનને શોધી કાઢી પૂછતાછ કરતા વાપી જીઆઈડીસી ફોર્થ ફેઝમાં આવેલ એક પ્લોટમાં કેટલાક ઈસમો અસલ તમાકુ જેવા જ પેકેટોનું પેકેજીંગ કરે છે અને પોતે તેના અધિકૃત વેપારી હોવાનું સેલ્સમેનને ખોટુ કહી વેચાણ કરી રહ્યા છે. આ બનાવ અંગેની જાણ પોલીસને કરવામાં આવી હતી અને પોલીસ ટીમ વર્ણવેલ સ્થળે પહોંચી રેઈડ કરી તપાસ હાથ ધરતા તમાકુનો બનાવટી પ્રોડકટ બનાવનાર (1) પુરણસિંગ હરીસિંગ દેવલ (ઉં.29) અને (2) મહાવીરસિંગ હરિસિંગ દેવલ (ઉં.25, બંને રહે. ફોર્થ ફેઝ, વાપી, મૂળ બોકડા, રાજસ્થાન) હોવાનું અને વધુ પૂછતાછ કરતા આ પ્રોડકટ બનાવવાની મશીનરી તથા ટ્રેડમાર્ક ચિન્હોવાળા રેપર તથા તમાકુ રાકેશ (રહે. અમદાવાદ)એ આપેલ હોવાનું જણાવ્યું હતું. આ બનાવ અંગે શિવાંગ પટેલે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી અને બંને ભાઈઓ (1) પુરણસિંગ (રહે. ચલા) અને (2) મહાવીરસીંગ (રહે. જીઆઈડીસી, વાપી) અને અમદાવાદના રાકેશ સામે ટ્રેડમાર્કસ એક્ટ હેઠળ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# X-RAYના આધારે વાંસદા પોલીસે પોક્સોના આરોપીને શોધી કાઢ્યો

**જામલાપાડાનો** એક સંતાનનો પિતા ચાર મહિના પહેલા સગીરાને ભગાડી ગયો હતો

**ફોન** બંધ કરીને તે મહારાષ્ટ્રમાં દ્રાક્ષની વાડીમાં મજૂરી કરવા લાગ્યો હોવાથી ટ્રેસ થતો ન હતો

**તેણે** પહેલી પત્નીને મોકલેલા એક્સ-રેની નીચે લખેલા ક્લિનિકના નામથી પોલીસે તેને શોધી કાઢ્યો

વાંસદાઃ વાંસદા પોલીસ મથકે ચાર મહિના પહેલા POCSO એક્ટ હેઠળ નોંધાયેલ ગુનામાં પરણિત તથા એક સંતાનનો પિતા એવો આરોપી નરેન્દ્ર સોનીરાવ પવાર (ઉ.વ.૨૧ રહે. જામલાપાડા નીચલા ફળિયા તા.વઘઈ જી.ડાંગ) વાંસદા વિસ્તારની એક સગીરાને ભગાડી લઈ ગયો હતો. તે મોબાઈલ બંધ કરીને મહાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારમાં દ્રાક્ષની વાડીમાં કામ કરવા લાગ્યો હતો. તેણે મોબાઈલ બંધ કરી દીધો હોવાથી તેને ટ્રેક પણ કરી શકાતો ન હતો. ત્યારબાદ હાલમાં નરેન્દ્ર પવારને પથરીના દુઃખાવાના કારણે એક ડાયેગ્નોસ્ટિક સેન્ટર ખાતે X-RAY કરાવ્યો હોવાથી તેણે તે ફોટો પહેલી પત્નીને મોકલ્યો હતો. જેની જાણ પત્નીએ વાંસદા પોલીસને કરતાં પોલીસે X-RAY ફોટોની નીચેના ભાગે 'સહ્યાદ્રી ડાયેગ્નોસ્ટિક સેન્ટર' તથા X-RAY પડાવ્યા તારીખ અને સમય લખેલ હતી, જે આધારે વાંસદાનાં પીઆઈ જે.વી. ચાવડા, પીએસઆઈ એ.એચ. પટેલ અને પોલીસ ટીમે તપાસ કરતાં મહારાષ્ટ્રમાં ૨૨ જેટલા 'સહ્યાદ્રી ડાયેગ્નોસ્ટિક સેન્ટર' હોવાની વિગત મળી હતી. જે તમામનો પોલીસે સંપર્ક કરતાં નાસિકના પીપલગાંવમાં આવેલા સહ્યાદ્રી ડાયગ્નોસ્ટિક સેન્ટર ખાતે આરોપી પથરીના દુઃખાવાના કારણે X-RAY માટે ગયો હોવાનું જાણવા મળતા આરોપી દ્વારા લખાવેલ મોબાઈલ નંબરના આધારે વાંસદા પોલીસ ટીમ દ્વારા નરેન્દ્ર પવારને મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જીલ્લાના પિંપલગાંવ નજીક બસવંત ગામની દ્રાક્ષની વાડીમાંથી ઝડપી ઝડપી પાડી સગીરાને છોડાવી હતી.

# ભીલાડમાંથી 2.016 કિલોગ્રામ ગાંજો ઝડપાયો

**એક** આરોપી ઝડપાયો જ્યારે બે વોન્ટેડ

ઉમરગામ : ભીલાડમાંથી ગાંજાનો 2.016 કિલોગ્રામ કિંમત રૂપિયા 1,00800 ના જથ્થા સાથે એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે બે ઈસમોને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે

પ્રાપ્ત સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ ગેરકાયદેસર રીતે માદક પદાર્થનું વેચાણ તથા સેવન કરતા ઈસમોને શોધી કાઢવા જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન અનુસાર ભીલાડ પોલીસ મથકના પીઆઈ જી.આર.ગઢવી એ મળેલી બાતમીના આધારે ભીલાડ બજાર પૂર્વમાં નૂર કાંદા બટાકા સેન્ટરની પાછળની ભાગે ખુલ્લી જગ્યા માં રેડ કરી હતી.જેમાં તહોમતદાર સંતોષ કાશીનાથ ગૌડ (ઉ.વ 20)(રે,પાલઘર,નંદુરે નાકા,રોશન ચોધરીની ભાડાના મકાનમાં,પાલઘર મહારાષ્ટ્ર) મૂળ ઉત્તર પ્રદેશ ને ઝડપી પાડ્યો હતો. જેની પાસે બ્રાઉન કલર ની બેગ માંથી માદક પદાર્થ ગાંજાનો 2.012 કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો.જેની કિંમત રૂ.100800 તથા એક મોબાઈલ કિંમત રૂ.5000 તથા રોકડ રૂ.175 મળી કુલ્લે રૂ.105975 નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. તહોમતદાર રોશન ચોધરી (રહે નંદુર નાકા પાલઘર મહારાષ્ટ્ર) અને પંજા (રાચી,ઝારખંડ) ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. ગુનો નોધ કેસની વધુ તપાસ ભીલાડ પોલીસે હાથ ધરી હતી.



ગિરીશ ભોયે

# સાપુતારા-માલેગામ ઘાટમાર્ગ પર આઈસર ટેમ્પોને અકસ્માત

સાપુતારા : ડાંગ જિલ્લાના સાપુતારા-માલેગામ ઘાટમાર્ગ પર આજે માલસામાન ભરેલો એક આઈસર ટેમ્પો અકસ્માતગ્રસ્ત બનતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ અકસ્માતમાં ચાલકનો ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મહારાષ્ટ્રના નાસિક તરફથી માલસામાનનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલો આઈસર ટેમ્પો (નંબર GJ-12-BV-7400) સાપુતારાથી શામગહાનને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના વળાંક પરથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેમ્પો માર્ગની બાજુમાં આવેલી સંરક્ષણ દીવાલ સાથે જોરદાર અથડાયો હતો. જેમાં ટેમ્પોને ભારે નુકસાન પહોંચ્યું હતું.

# પાડો ભેંસને હેરાન કરતો હોવાથી પશુપાલક પર હુમલો

**પારડીમાં** યુવકને અન્ય પશુપાલકોએ માર મારતાં હોસ્પિટલમાં ખસેડવો પડ્યો

પારડી : પારડી ભેંસલાપાડા નવીનગરી ફળિયા વિસ્તારમાં જૂની અદાવતને લઈ એક પશુપાલક યુવક પર ત્રણ શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. લોખંડના સળીયા, પાઈપ અને લાકડી વડે કરવામાં આવેલા હુમલામાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં તેના ડાબા પગમાં ફ્રેક્ચર થતાં તેને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે પારડી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે પારડી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પારડી પરિયા રોડ સ્થિત ભેંસલાપાડા નવીનગરી ફળિયામાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા મનિષભાઈ ગુલાબભાઈ યાદવ (ઉં.32)એ પારડી પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગઈ તારીખ 11 જૂન 2026ના રોજ સાંજે સવા સાત વાગ્યે તેઓ તેમની મોટરસાઈકલ નંબર GJ-15-EG-4148 લઈને પારડી બજારમાં શાકભાજી ખરીદવા નીકળ્યા હતાં. તેઓ ભેંસલાપાડા વિસ્તારમાં આવેલા વિજય ફાર્મના ગેટ પાસે પહોંચ્યા ત્યારે ત્યાં અગાઉથી હાજર દિપકભાઈ રાજકુમાર યાદવ, ધર્મેશભાઈ રાજકુમાર યાદવ અને પ્રભાકર બનવારી યાદવે તેમને અટકાવી હુમલો કરી દીધો હતો. દિપકે તેમના પગમાં સળિયાથી હુમલો કર્યો હતો જ્યારે ધર્મેશે પાઈપ વડે પગ અને શરીરના અન્ય ભાગોમાં હુમલો કર્યો હતો, જ્યારે પ્રભાકરે લાકડી વડે માર માર્યો હતો. ત્રણેય આરોપીઓએ એકસાથે હુમલો કરતાં મનિષભાઈ મોટરસાયકલ પરથી નીચે પટકાયા હતા. જમીન પર પડી જતાં આરોપીઓએ તેમને લાતો પણ મારી હતી. 5 જૂન 2026ના રોજ ભેંસો ચરાવવા દરમિયાન તેમના પાડાએ આરોપીઓની ભેંસોને હેરાન કરી હતી, જેને લઈને બંને પક્ષો વચ્ચે તકરાર થઈ હતી. આ મામલે ધર્મેશ રાજકુમાર યાદવે પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવી હતી.

## પોસરામાંથી મરોલી પોલીસે ત્રણ જુગારીને ઝડપી પાડ્યા

નવસારીઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના પોસરા ગામમાં તીન પત્તીના જુગારધામ પર મરોલી પોલીસે ત્રાટકી ચાર શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ, દાવ પર મુકાયેલા નાણાં અને ગંજીપાનાં પત્તાં સહિત કુલ રૂ.3,100નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.બાતમીના આધારે પોલીસે સ્થળ પરથી સાહિદ મુસ્તફા શેખ (28, ડાભેલ), રાકેશભાઈ શુક્કરભાઈ રાઠોડ (42, પોસરા), મોન્ટુભાઈ મુકેશભાઈ હળપતી (26, નશીલપોર) અને મિહિર શૈલેષભાઈ હળપતી (18, વેસ્મા)ને ઝડપી પાડ્યા હતા.


